# ભંગારની હરાજીનું ટેન્ડર

NAVSARI AGRICULTURAL UNIVERSITY

विद्या सर्वत्र गौरवा

## ભંગારની હરાજી અંગેની નોટીસ

જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારીના બિન ઉપયોગી ડેડસ્ટોક આઈટમો (ભંગાર) નો નિકાલ કરવાનો છે. આથી રસ ધરાવતી પાર્ટીએ યુનિવર્સીટીની વેબસાઈટ www.nau.in ના Tender Tab પરથી ટેંન્ડર ફોર્મ ડાઉનલોડ કરી તેમા ભાવો ભરી, સીલ બંધ કવર મોડામા મોડુ તા. ૨૮-૧૧-૨૦૨૩ સુધિમા આ વિભાગને પહોચતુ કરવા જણાવવામા આવે છે. ટેન્ડર ફી, ઇ.એમ.ડી. (બાનાની રકમ) અને અન્ય શરતો માટે ઉપર દર્શાવેલ યુનિવર્સીટીની વેબસાઈટ જોવા જણાવવામા આવે છે.

નવસારી, તા. ૦૪-૧૧-૨૦૨૩ — સહી/- પ્રાધ્યાપક અને વડા

| | | | |
|---|---|---|---|
| ૧. | ભાવપત્રકનો સમય ગાળો | | તા. ૪ થી ૨૮ નવેમ્બર, ૨૦૨૩ |
| ૨. | ભાવપત્રકની રકમ | | રૂ. ૫૦૦/- |
| ૩. | EMDની રકમ | | રૂ.૭૫૦/- |
| ૪. | ભાવપત્રક જમા કરાવવાની છેલ્લી તરીખ | : | તા. ૨૮-૧૧-૨૦૨૩ |

## શરતો અને બોલીઓ:

જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગના (જેને હવેથી "સામાન આપનાર" કહેવામા આવશે) બિન ઉપયોગી ડેડસ્ટોક આઈટમોના (જેને હવેથી "ભંગાર" કહેવામા આવશે) વેચાણ માટે રસ ધરાવતી પાર્ટી (જેને હવેથી "ટેન્ડર પાર્ટી" કહેવામા આવશે) પાસેથી બંધ કવરમા ભાવો મંગાવવામા આવે છે.

૦૧. ટેન્ડર યુનિવર્સિટી વેબસાઇટ **www.nau.in** ઉપરથી ડાઉનલોડ કરી, તેમાં ભાવો અને અન્ય વિગતો ભરી, સહી-સિક્કા સાથે, ટેન્ડર ફી અને ઇ.એમ.ડી.નો ડીમાન્ડ ડ્રાફ્ટ તેમજ શરતો અને બોલીઓ પર સહી-સિક્કા કરી, જરૂરી આધાર પુરાવા સાથે મોડામાં મોડુ **તા. ૨૮-૧૧-૨૦૨૩** સુધીમાં સીલબંધ કવરમાં **પ્રાધ્યાપક અને વડા, જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારીના** સરનામે રૂબરૂ, પોસ્ટ, કુરીઅર મારફત સમય મર્યાદામાં પહોંચતું કરવાનું રહેશે, સમય મર્યાદા બાદ આવેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી. સીલબંધ કવર ઉપર "**ભંગારના ભાવો**" એમ અવશ્ય લખવું.

૦૨. ભંગાર અત્યારે જે હાલતમાં, જે સ્થળે અને જે પરિસ્થિતિમાં છે તે રીતે તેમજ અત્રેની કોઈપણ જવાબદારી સિવાય નીકાલ કરવા માટે ભાવો મંગાવવામા આવે છે.

૦૩. ટેન્ડર પાર્ટીએ ભંગરની આઈટમો રુબરુમા જોવી હોય તો તે રજાના દિવસો સિવાય સવારે ૧૦:૩૦ થી ૧૭:૦૦ વાગ્યા સુધીમાં જોવા મળશે.

૦૪. ટેન્ડર પાર્ટીએ ટેન્ડર ફી પેટે રૂા. ૫૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ "Assistant Administrative Officer, NMCA, Navsari" ના નામનો રજુ કરવાનો રહેશે, ટેન્ડર ફી વગરનું ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.

- જમા કરાવેલ ટેન્ડર ફી પરત મળશે નહિ.
- ટેન્ડર રદ/મોકુફ/કેન્સલ/સ્થગિત થાય તો પણ ટેન્ડર ફી ની રકમ રીફંડ મળશે નહી જેની ખાસ નોંધ લેવી.

૦૫. ટેન્ડર પાર્ટીએ **ઇ.એમ.ડી.(બાનાની રકમ) પેટે રૂા. ૭૫૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ "Assistant Administrative Officer, NMCA, Navsari"** ના નામનો રજુ કરવાનો રહેશે, ઇ.એમ.ડી. વગરનું ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.

- જે ટેન્ડર પાર્ટીનુ ટેન્ડર મંજુર નહિ થાય તેને ઇ.એમ.ડી.ની રકમ પરત કરવામા આવશે.
- મંજુર થયેલ ટેન્ડર પાર્ટીને ઓર્ડર અમલીકરણ બાદ/ સિક્યોરીટી ડીપોઝીટ જમા કરાવ્યા બાદ તેને ઇ.એમ.ડી.ની રકમ પરત કરવામા આવશે.
- મંજુર થયેલ ટેન્ડર પાર્ટી દ્વારા ટેન્ડરની શરતોનુ અમલીકરણ ન કરવામા આવે અથવા ટેન્ડરની શરતો સાથે છેડ છાડ કરવામા આવે તો તે પાર્ટીની ઇ.એમ.ડી.ની રકમ જપ્ત કરવામા આવશે..

૦૬. મંજુર થયેલ ટેન્ડર પાર્ટીએ **ઓફરની કુલ રકમની ૫% રકમ સિક્યોરીટી ડીપોઝીટ પેટે નો ડીમાન્ડ ડ્રાફ્ટ "Assistant Administrative Officer, NMCA, Navsari"** ના નામનો રજુ કરવાનો રહેશે.

- મંજુર થયેલ ટેન્ડર પાર્ટી સિક્યોરીટી ડીપોઝીટ જમા ન કરાવે તો તેમને ભંગાર આપવામા આવશે નહિ.
- મંજુર થયેલ ટેન્ડર પાર્ટી ભંગાર ભરી જાય અને તેમણે ઓફર કરેલ રકમ ભરી જાય ત્યારબાદ તેમણે જમા કરાવેલ સિક્યોરીટી ડીપોઝીટ પરત કરવામા આવશે.
- સમય મર્યાદામા જો મંજુર થયેલ ટેન્ડર પાર્ટી ભંગાર ન લઇ જાય તો તેમની સિક્યોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામા આવશે અને તેમને આપેલ ઓર્ડર રદ કરવામા આવશે.

૦૭. ડિપોજીટ રકમ પર કોઈપણ જાતનું વ્યાજ આપવામાં આવશે નહી.

૦૮. મંજુર થયેલ ટેન્ડર પાર્ટી ઓફર કરેલ રકમ જમા કરાવ્યા બાદ જ ભંગાર લઇ જવા દેવામા આવશે.

૦૯. મંજુર થયેલ ટેન્ડર પાર્ટીએ ઓફર કરેલ રકમ, ઓર્ડરના દિન-૧૦માં જમા કરવાની રહેશે, જો તેમ કરવામા નહિ આવશે તો તેમને આપેલ ઓર્ડર રદ કરવામાં આવશે.

૧૦. ભંગારનુ વેચાણ થયા બાદ તેની સઘળી જવાબદારી ટેન્ડર પાર્ટીની રહેશે. ત્યારબાદ આ અંગેનો કોઈ દાવો માન્ય રાખવામાં આવશે નહિ.

૧૧. ભંગારની આઈટમો મંજુર થયેલ ટેન્ડર પાર્ટીએ તેમના વાહનમાં તેમજ તેમના માણસો સાથે હાજર રહી સ્વ ખર્ચે લઈ જવાનો રહેશે. તેમની ગેરહાજરીમાં કોઈ પણ ઇસમને સામાન લઈ જવા દેવામાં આવશે નહીં. આ ટેન્ડર બીજાને ટ્રાન્સફર કરી શકશે નહીં.

૧૨. ભંગાર ભરતી/ઉતારતી વખતે સામાન કે વ્યક્તિને નુકસાન/ઇજા થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ટેન્ડર પાર્ટીની રહેશે.

૧૩. ભંગાર ભરી જવાનો સમય સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૪:૦૦ વાગ્યા સુધીની રહેશે. તે સિવાય તથા રજાના દિવસોમાં સામાન ભરવા દેવામાં આવશે નહી.

૧૪. મંજૂર થયેલ ટેન્ડર પાર્ટી પાસે તેમની ઓફરના ૧% રકમ ટીસીએસ તરીકે કચેરીમાં જમા કરાવવાના રહેશે.

૧૫. મંજૂર થયેલ ટેન્ડર પાર્ટી પાસે પાન, આધાર કાર્ડ અને જીએસટી સર્ટિફિકેટ હોવું જરૂરી છે. જો જીએસટી સર્ટિફિકેટ ન હોય તો જીએસટી અંગેનું ડિક્લેરેશન આપવાનું રહેશે.

૧૬. ભાવપત્રકની શરતોમાં કોઈ પણ ફેરફાર સમાન આપનાર તરફથી કરવામાં આવે તો તે ટેન્ડર પાર્ટીએ માન્ય રાખવા પડશે અને તે અંગે કોઈ તકરાર સ્વીકારવામાં આવશે નહી, તેમજ સમાન આપનારનો નિર્ણય આખરી ગણાશે, જે ટેન્ડર પાર્ટીને બંધનકર્તા રહેશે. ફેરફાર અંગેની જાણ અગાઉ કરવામાં આવશે.

૧૭. આવેલ કોઈપણ ટેન્ડરને સ્વીકારવુ અથવા આવેલ તમામ ટેન્ડરને કોઈપણ કારણો દર્શાવ્યા સિવાય રદ કરવાની સત્તા સામાન આપનારની રહેશે. આ બાબતે કોઇ પણ દાવો માન્ય રહેશે નહિ.

૧૮. કોઈ પણ જાતની તકરાર મુશ્કેલી કે મુદ્દો ઊભો થાય તો સામાન આપનારનો નિર્ણય આખરી ગણાશે, જે ટેન્ડર પાર્ટીને બંધનકર્તા રહેશે. જો કાયદાકીય પ્રશ્નો ઉભા થાય તો જ્યુરીડીક્શન નવસારી રહેશે.

ઉપરોકત તમામ શરતો અને બોલીઓ મે વાંચી છે જે મને માન્ય, કબુલ અને બંધનકર્તા છે.

ટેન્ડર પાર્ટીના સહી/ સિકકા

તારીખ :

સ્થળ :

**બિંડાણ:**

૧. ટેન્ડર ફી ડીમાન્ડ ડ્રાફ્ટ રૂા. ૫૦૦/-

૨. ઈ.એમ.ડી. ડીમાન્ડ ડ્રાફ્ટ રૂા. ૭૫૦/-

૩. પાન કાર્ડની નકલ

૪. આધાર કાર્ડની નકલ

૫. જી.એસ.ટી. પ્રમાણપત્ર અથવા જી.એસ.ટી. ડેકલેરેશન ફોર્મ

૬. ભાવપત્રકની સહિ-સિક્કા કરેલ નકલ

# ભાવ પત્રક

| | | |
|---|---|---|
| ૧. | પાર્ટીનુ નામ | |
| ૨. | સરનામુ | |
| ૩. | મોબાઈલ નંબર અને ઈમેલ એડ્રેસ | |
| ૪. | બેંકની વિગત (બેંક્નુ નામ, બ્રાંચ, ખાતા નંબર, IFSC કોડ) | |
| ૫. | પાન | |
| ૬. | જી.એસ.ટી નંબર | |
| ૭. | આધાર કાર્ડ નંબર | |
| ૮. | ટેન્ડર ફી ડીમાન્ડ ડ્રાફ્ટ નંબર **(રૂા. ૫૦૦/-)** | |
| ૯. | ઈ.એમ.ડી. ડીમાન્ડ ડ્રાફ્ટ નંબર **(રૂા. ૭૫૦/-)** | |
| ૧૦. | **મારો/અમારા ફર્મનો ભંગારનો ઓફર કરેલ ભાવ નિચે મુજબ છે.** | |

ભંગારનો મારો/અમારા ફર્મનો ભાવ **રૂા. ___________________ (અંકે રુપિયા ______________________________**

**______________________ છે.**

ટેન્ડર પાર્ટીના સહી/ સિકકા

તારીખ :

સ્થળ :

# :: જી.એસ.ટી. ડીકલેરેશન ::

આથી હું ..................................................................................

સરનામુ ................................................................ પ્રોપરાઈટર દરજજે આ સાથે પ્રમાણિત કરૂ છું કે, અમારી પેઢી/અમો ગુડસ એન્ડ સર્વિસ એકટ–૨૦૧૭ના કાયદામાં નોંધણીને પાત્ર નથી, જેથી અમોએ જી.એસ.ટી. રજીસ્ટ્રેશન કરાવેલ નથી.

તારીખ : ટેન્ડર પાર્ટીના સહી/ સિકકા

સ્થળ :